
દાદા ભગવાન પરિવારનું
ઓક્ટોબર ૨૦૨૪
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો

ભગવાન મહાવીરના ચરણોમાં એમનું જીવન સમર્પિત હતું. એમની નમ્રતા અને સરળતાના દાખલાઓ વાંચીને આજે પણ લોકોના જીવનમાં પરિવર્તન આવે છે. સહુનું મંગલ કરવાની ભાવના એમના રોમેરોમમાં સદાય વહેતી હતી. એમનું નામ લેવાથી જ સર્વના સંકટો દૂર થતા અને સહુનું ભલું થતું. મહાવીર પ્રભુના પ્રથમ ગણધર હોવા છતાં એમને પોતાના જ્ઞાન કે મોટાપણાનું સહેજ પણ અભિમાન નહોતું.

કોણ હતા એ ? ચાલો, આ અંકમાં આપણે મહાવીર સ્વામીના પ્રથમ ગણધર એટલે કે ગૌતમ સ્વામીનો યથાર્થ પરિચય મેળવીએ. એમનું સ્મરણ કરીએ અને એમના જેવી સ્વામી ભક્તિ, વિનય, સરળતા અને નમ્રતા આપણને પણ પ્રાપ્ત હો એવી દિલથી ભાવના કરીએ.

- ડિમ્પલ મહેતા

*શબ્દ સમજ: ગણધર - પ્રધાન શિષ્ય*

# ગૌતમ સ્વામી




વર્ષ : ૧૭, અંક : ૦૨
સળંગ અંક : ૧૯૪
ઓક્ટોબર ૨૦૨૪



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhatral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2024, Dada Bhagwan Foundation
All Rights Reserved



## અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...

ભગવાન મહાવીર માટે ગૌતમ સ્વામીને અનન્ય ભક્તિ હતી. તેઓ મહાવીર ભગવાનના પહેલા શિષ્ય હતા. ભગવાન માટે એમને જબરજસ્ત રાગ હતો, જેને પ્રશસ્ત રાગ કહેવામાં આવે છે. પ્રશસ્ત રાગ એટલે સંસારની કોઈ ચીજ પર રાગ ના હોય, ફક્ત ભગવાન પર જ હોય.

તેમાં ગૌતમ સ્વામી માટે તો ભગવાન મહાવીર પ્રત્યક્ષ હાજર જ હતા. એટલે ગૌતમ સ્વામીને ભગવાનના દેહ પર, એમની વાણી પર જબરજસ્ત રાગ હતો. પ્રશસ્ત રાગ ઘણો ઊંચો કહેવાય. કોઈ વિરલો જ પામે. ગૌતમ સ્વામીને સાક્ષાત્ તીર્થંકર ભગવાન પર પ્રશસ્ત રાગ હતો. એટલે ભગવાનને એમને મોક્ષે લઈ ગયા વગર છૂટકો જ ના હોય.

ગૌતમ સ્વામીના ભગવાન પ્રત્યેના પ્રશસ્ત રાગ અને ભગવાન પ્રત્યેના વિનયને વખાણવા જેવા છે. પ્રશસ્ત રાગનો શું ફાયદો છે કે, સંસારમાં જ્યાં બધે રાગ ફેલાયેલો છે તે ખસીને ભગવાનમાં જ કેન્દ્રિત થઈ જાય. પ્રશસ્ત રાગ એને કહેવાય કે જેમના પર પ્રશસ્ત રાગ હોય એમની પાસેથી કોઈ અપેક્ષા ના હોય, એમના એક પણ દોષ ના દેખાય.

ગૌતમ સ્વામીનો એટલો બધો પાવર હતો કે એ કોઈને ઉપદેશ આપે તો સામાને તરત પરિણામ પામી જાય (ઉપદેશ એવું કામ કરે કે તરત રિઝલ્ટ મળે) અને એમના શિષ્યોને કેવળજ્ઞાન પણ થઈ જતું, પણ તેઓ પોતે કેવળજ્ઞાનથી વંચિત હતા.

તો શું ગૌતમ સ્વામી કેવળજ્ઞાનથી કાયમ માટે વંચિત રહ્યા હશે ? એમને કેવળજ્ઞાન થયેલું ? ક્યારે અને કેવી રીતે ? ચાલો, આપણે ગૌતમ સ્વામીની જીવન કથા જાણીએ.




# ગૌતમ સ્વામીનો પરિચય





ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય, ઈન્દ્રભૂતિ ગૌતમનો જન્મ મગધ દેશના ગોબ્બર નામના ગામમાં થયો હતો. એમની માતાનું નામ પૃથ્વી અને પિતાનું નામ વસુભૂતિ હતું. એમને બે ભાઈઓ હતા, અગ્નિભૂતિ અને વાયુભૂતિ. પિતા વસુભૂતિએ ત્રણેય બાળકોને વેદવિદ્યાનું જ્ઞાન નાનપણથી જ આપવાનું શરૂ કર્યું હતું.

યુવાન વયે ત્રણેય ભાઈઓ એવા વિદ્વાન બની ગયા કે એમને દરેક ધર્મક્રિયાઓ અને યજ્ઞોમાં આદરભર્યા નિમંત્રણ મળવા લાગ્યા. જોતજોતામાં ત્રણેય ભાઈઓની વિદ્યાની ચર્ચાઓ દેશભરમાં થવા લાગી. આ ત્રણેય પંડિતોના ચરણોમાં રહીને સેંકડો વિદ્યાર્થીઓ વેદવિદ્યા અને યજ્ઞકર્મનું જ્ઞાન મેળવતા હતા.









# આમ તૂટ્યું અભિમાન


મધ્યમા નગરી નામની પવિત્ર ભૂમિ પર સોમિલાચાર્ય નામના એક પંડિત રહેતા હતા. એક દિવસ પંડિત સોમિલાચાર્યએ નગરીમાં એક ભવ્ય યજ્ઞનું આયોજન કર્યું. એ યજ્ઞ એવો અનોખો હતો કે એક હજાર વર્ષમાં કોઈ રાજાએ કરાવ્યો નહોતો. આ યજ્ઞમાં ભાગ લેવા દેશમાંથી અનેક મહાપંડિતો અને વિદ્વાનોને બોલાવ્યા હતા. તેમાં ઈન્દ્રભૂતિ, વાયુભૂતિ અને અગ્નિભૂતિને પણ એમના શિષ્યો સાથે આવવાનું નિમંત્રણ મળ્યું હતું.

તે જ સમયે એ નગરીના એક બગીચામાં ભગવાન મહાવીર પધાર્યા હતા.

સવારના પહોરમાં નગરના લોકોએ આકાશને વિમાનોથી છવાયેલું જોયું. વિમાનોમાંથી સર્વશ્રેષ્ઠ વસ્ત્રો પહેરેલા દેવતાઓ ઊતરી રહ્યા હતા.

આમ દેવતાઓને જોઈને નગરજનો અંદર અંદર વાતો કરવા લાગ્યા કે, 'જ્યાં આવડો મોટો યજ્ઞ થતો હોય અને જ્યાં આવા વિદ્વાન પંડિતો આવ્યા હોય, ત્યાં દેવો હાજર રહે એમાં શી નવાઈ ? આ બધા દેવો તો મહાપંડિત સોમિલાચાર્યના યજ્ઞમાં હાજરી આપવા આવી રહ્યા છે.'

આ શબ્દો મહાપંડિત ઈન્દ્રભૂતિ, વાયુભૂતિ અને અગ્નિભૂતિના કાનમાં પડ્યા. અને બધાએ ગર્વ




અનુભવ્યો કે આપણો આ યજ્ઞ કેવો પ્રભાવશાળી છે કે જ્યાં દેવતાઓને પણ હાજર થવું પડ્યું !

પણ એમનો ગર્વ વધુ સમય સુધી ટકી ના શક્યો. જોતજોતામાં દેવોના વિમાન યજ્ઞ સ્થળના આંગણમાં ઊતરવાના બદલે નગરની બીજી દિશા તરફ વળી ગયા. ઈન્દ્રભૂતિ અને એમના ભાઈઓને બહુ નવાઈ લાગી. 'આ શું ? શું દેવો યજ્ઞથી રાજી થવાના બદલે રિસાઈને બીજી જગ્યાએ ચાલ્યા ગયા ? આમ કેમ બન્યું હશે ?'

પંડિત સોમિલાચાર્ય અને પંડિત ઈન્દ્રભૂતિ ગૌતમ વચ્ચે આ બાબતે ચર્ચા થઈ રહી હતી ત્યારે કોઈ જાણકારે જણાવ્યું કે, 'નગરીની બીજી દિશામાં પ્રભુ મહાવીર પધાર્યા છે. તેઓ ભગવાન છે. એમની ધર્મસભા મહાસેન બગીચામાં રચાઈ છે અને આ બધા દેવતાઓ એ ધર્મસભામાં જઈ રહ્યા છે.'

આ વાત સાંભળીને પંડિત ઈન્દ્રભૂતિને આઘાત લાગ્યો. ઈન્દ્રભૂતિ મનમાં સમજતા હતા કે મારા જેવો કોઈ મહાજ્ઞાની છે જ નહીં. એટલે મહાવીર પ્રભુને હરાવી પોતાની વિદ્યાનો જય જયકાર કરાવવાનું એમણે નક્કી કરી લીધું.

ઈન્દ્રભૂતિ ગૌતમે જેવો મહાવીર સ્વામીની ધર્મસભામાં પ્રવેશ કર્યો કે મહાવીર સ્વામીનું રૂપ અને મુખ પર અનોખું તેજ જોઈને થોડી ક્ષણો માટે તેઓએ અત્યંત અહોભાવ અનુભવ્યો.



ભગવાને વાત્સલ્યભરી વાણીમાં ઈન્દ્રભૂતિ ગૌતમને ભાવથી આવકાર આપતા કહ્યું, 'ઈન્દ્રભૂતિ ગૌતમ, પધારો !'


પળવાર માટે ઈન્દ્રભૂતિને થયું, 'આમણે તો મને મારા નામથી બોલાવીને મીઠો આવકાર આપ્યો. શું તેઓ બધી વાતો જાણી જતા હશે ?'

ત્યાં તો બીજી જ પળે એમને થયું, 'આ સંસારમાં મારા સિવાય મહાજ્ઞાની બીજું કોણ હોઈ શકે ? મારા જેવા વિખ્યાત મહાપંડિતનું નામ કોણ નહીં જાણતું હોય ! એમણે મને મારા નામથી બોલાવ્યો એમાં નવાઈ શું છે ? હું એમને સાચા જ્ઞાની ત્યારે જ માનું કે જ્યારે તેઓ મારા મનની શંકાઓ જાણી, પોતાના જ્ઞાનથી એનું સમાધાન કરી આપે.'

ઈન્દ્રભૂતિ ગૌતમના મનમાં આ વિચાર પત્યો કે ત્યાં તો તરત જ મહાવીર પ્રભુએ એમના બધા જ પ્રશ્નો જાણીને એમને સમાધાન આપ્યા.

શ્રી ઈન્દ્રભૂતિની શંકાના બધા જ વાદળ વિખરાઈ ગયા. તેમનું અભિમાન સાવ ઓગળી ગયું. તેમણે અત્યંત ભક્તિપૂર્વક ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા અને ગદ્ગદ સ્વરે કહ્યું, 'ભગવંત, મને શરણમાં લ્યો. મને આપના શિષ્ય તરીકે સ્વીકારો.'

મહાવીર સ્વામીએ એ જ વખતે ઈન્દ્રભૂતિ ગૌતમ અને એમના પાંચસો શિષ્યોને દીક્ષા આપી. અને આમ, ગૌતમ સ્વામી મહાવીર પ્રભુના પ્રથમ ગણધર બન્યા.





# અહો, કેવી અદ્ભુત સરળતા !


વાણિજ્ય ગ્રામ નામની એક વિશાળ નગરીમાં આનંદ નામનો એક વ્યક્તિ રહેતો હતો. તેનો વેપાર ઠેર ઠેર ફેલાયેલો હતો. આનંદની પત્નીનું નામ શિવાનંદ હતું. પતિ-પત્ની બન્ને ધર્મપ્રેમી હતા. આનંદની લોકપ્રિયતા નગરમાં ખૂબ જ હતી.

એક વખત ભગવાન મહાવીર વાણિજ્ય ગ્રામની નજીક પધાર્યા. પ્રભુની દેશના સાંભળવા આનંદ પણ ગયો અને પૂરા ભાવથી પ્રભુની વાણી સાંભળી.

દેશના પૂરી થયા બાદ પ્રભુ પાસે આનંદે સંસારમાં રહીને ધર્મના નિયમોનું પાલન કરવાની પરવાનગી લીધી.

આનંદે ઘરે આવીને પત્નીને વાત કરી. પત્ની પણ ધર્મપ્રેમી હોવાથી બન્ને મળીને ચુસ્તપણે વ્રતોનું પાલન કરવા લાગ્યા.

વીસ વર્ષ વીત્યા. આનંદની ધર્મસાધના વધુ ને વધુ ઉત્તમ થતી ગઈ. એક દિવસ આનંદ શ્રાવકે પોતાના ઘરનો, પરિવારનો બધો ભાર પોતાના મોટા પુત્રને સોંપી દીધો અને બાકીનું જીવન પસાર કરવા એક ધર્મશાળામાં જઈને રહ્યા. આનંદ શ્રાવકે સાધુ વેશ ધારણ નહોતો કર્યો પણ એમની સાધના ખૂબ ઉચ્ચ કક્ષાની હતી.



> “ આખરે, આનંદ શ્રાવકે ગૌતમ સ્વામીને મહાવીર પ્રભુ પાસે આ વાતનો ખુલાસો કરવાનું કહ્યું. ”

એક વખત આનંદ શ્રાવકે મરણ સુધીના ઉપવાસ કર્યા. સમગ્ર નગરીમાં આનંદ શ્રાવકની અંતિમ સાધનાની વાત પ્રસરી ગઈ. નગરજનો તેમના ખબરઅંતર પૂછવા આવવા લાગ્યા.

તે જ વખતે ગૌતમ સ્વામીએ બે ઉપવાસ કર્યા હતા. પારણું કરવા જ્યારે તેઓ નગરમાં નીકળ્યા ત્યારે એમણે આનંદ શ્રાવકના મરણ સુધીના ઉપવાસની વાત સાંભળી.

ગૌતમ સ્વામીને થયું કે આનંદ શ્રાવક તો મહાવીર પ્રભુના પરમ ભક્ત છે. એમણે આવું શ્રેષ્ઠ તપ કર્યું છે તો એમને મળીને એમની ખબર પૂછવી જોઈએ. આમ વિચારીને ગૌતમ સ્વામી આનંદ શ્રાવકની ધર્મશાળાએ પહોંચ્યા.

ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ ગણધર, ગુરુ ગૌતમ સ્વામીને પોતાની પાસે પધારેલા જોઈને આનંદ શ્રાવકની ખુશીનો પાર ના રહ્યો.

ગુરુ ગૌતમ સ્વામીને પોતાની પાસે બેસાડીને આનંદ શ્રાવકે એક પ્રશ્ન પૂછ્યો કે, 'શું ઘરમાં રહીને ધર્મનું પાલન કરતા શ્રાવકને અમુક પ્રકારનું જ્ઞાન થઈ શકે કે નહીં?' ગૌતમ સ્વામીએ કહ્યું કે, 'હા, શક્ય છે'.

ત્યારે અત્યંત પ્રસન્ન થઈને આનંદ શ્રાવકે જણાવ્યું કે એમને પોતાને એવું જ્ઞાન થયું છે. અને પછી એમને પોતાને થયેલા જ્ઞાનનું વર્ણન કર્યું.

વર્ણન સાંભળીને ગૌતમ સ્વામીએ જણાવ્યું કે જેવું આનંદ શ્રાવકે વર્ણવ્યું એવું જ્ઞાન એમને થવું તો અશક્ય છે. આગળ એમ પણ કહ્યું કે આનંદ શ્રાવકે આવું કહીને ભૂલ કરી છે. એટલે એમને એ ભૂલનું પ્રાયશ્ચિત કરવું જોઈએ.

આનંદ શ્રાવકે ખૂબ વિનંતીપૂર્વક પૂછ્યું, 'સત્ય વાતનું પ્રાયશ્ચિત કરવું જરૂરી છે? કારણ કે મારી



વાતમાં કોઈ ભૂલ નથી.' આનંદ શ્રાવક અને ગૌતમ સ્વામી વચ્ચે આ વાતની ઘણી ચર્ચા થઈ. આખરે, આનંદ શ્રાવકે ગૌતમ સ્વામીને મહાવીર પ્રભુ પાસે આ વાતનો ખુલાસો કરવાનું કહ્યું.


ગૌતમ સ્વામી તો બિલકુલ સરળ હતા. તેઓ મહાવીર ભગવાન પાસે પહોંચી ગયા અને બધી વાત જણાવી દીધી. આ પ્રસંગમાં ખરેખર કોને પ્રાયશ્ચિત કરવું જોઈએ એ જણાવવાની પ્રભુને વિનંતી કરી.

ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીને કહ્યું કે, 'આનંદે જે કહ્યું છે તે સત્ય છે. તારે પોતાની વાતનો આગ્રહ ન રાખવો જોઈએ. પ્રાયશ્ચિત તારે કરવું પડશે. તું એમની પાસે જા અને પોતાની ભૂલ માટે ક્ષમા માંગ.'

ભૂલ પોતાની છે એમ ખબર પડતા, એ જ સમયે ગૌતમ સ્વામી આનંદ શ્રાવક પાસે જવા નીકળી પડ્યા અને પોતાની વાત માટે પ્રાયશ્ચિત કરી ક્ષમા માગી.


આવા મોટા જ્ઞાની ગુરુની નમ્રતા અને સરળતા જોઈને આનંદ શ્રાવક ગદ્‌ગદ થઈ ગયા અને એમણે દિલથી ગૌતમ સ્વામીને વંદન કર્યા.

આમ, ગૌતમ ગણધર પોતાના બે દિવસના ઉપવાસના પારણાંની ચિંતા કર્યા વગર આનંદ શ્રાવક પાસે ક્ષમા માંગવા ચાલી નીકળ્યા હતા. ભગવાન મહાવીર પ્રત્યે ગૌતમ ગણધરની એવી જબરજસ્ત આધીનતા હતી કે પ્રભુએ કહ્યું એટલે કોઈ પણ આનાકાની કર્યા વગર તરત જ પોતાની ભૂલ સ્વીકારી લીધી. અને ભગવાનની આજ્ઞા પ્રમાણે આનંદ શ્રાવકની દિલથી માફી માગી લીધી.





> ભૂલ પોતાની છે એમ ખબર પડતા, એ જ સમયે ગૌતમ સ્વામી આનંદ શ્રાવક પાસે જવા નીકળી પડ્યા અને પોતાની વાત માટે પ્રાયશ્ચિત કરી ક્ષમા માગી.


# ક્યારે રે થશે કેવળજ્ઞાન !




*શબ્દ સમજ: લબ્ધિ - અમુક પ્રકારની પ્રાપ્તિ જેનાથી અસામાન્ય કાર્ય થઈ શકે.*


એ જ સમયે ત્રણ તાપસો પોતપોતાના પાંચસો-પાંચસો શિષ્યો સાથે મોક્ષપદની પ્રાપ્તિ માટે અષ્ટાપદ પર્વત ચઢવાના પ્રયાસમાં લાગ્યા હતા. તેઓએ ગૌતમ સ્વામીને ત્યાં જોયા,...
આપણે મહાતપસ્વી અને દુબળા શરીરવાળા હોવા છતાં આ પર્વત પર ચઢી શકતા નથી. તો આ મોટા શરીરવાળા ઉપર કેવી રીતે ચઢી શકશે ?
એટલામાં તો ગૌતમ સ્વામી સૂર્યકિરણોનો આધાર લઈને ઝડપથી પર્વત ઉપર ચઢી ગયા અને અદૃશ્ય થઈ ગયા.
આ મહાપુરુષ પાસે કોઈ મહાશક્તિ હોવી જોઈએ. જો પાછા ફરતા તેઓ ફરી મળે તો આપણે એમના શિષ્ય બની જઈશું.
બીજા દિવસે ગૌતમ સ્વામીને જોઈને તાપસો રાજી રાજી થઈ ગયા.
હે મહાતપસ્વી, અમને શિષ્ય તરીકે સ્વીકારો !
હે તાપસો, આપ સૌ પ્રભુ મહાવીરને જ આપના ગુરુ તરીકે સ્વીકારો.


શું આપના પણ કોઈ ગુરુ છે ? તો પછી તેઓ તો કેવા મહાન હશે ! પણ અત્યારે તો આપ જ અમને દીક્ષા આપો.
ગૌતમ સ્વામીએ ત્રણ તાપસો અને એમના પંદરસો શિષ્યોને મહાવીર ભગવાનના શાસનની દીક્ષા આપી. ત્યાર બાદ, બધા ભગવાન પાસે જવા રવાના થયા.
રસ્તામાં પાછા ફરતા ગૌતમ સ્વામીએ તાપસોને જમવા બેસાડ્યા. ગૌતમ સ્વામીએ એક નાના વાટકામાં ખીર ભરી.
આટલા નાના પાત્રમાં ભરેલી ખીર અમને બધાને કેવી રીતે પહોંચી વળશે ?!
પણ ગૌતમ સ્વામી પાસે એવી એક લબ્ધિ હતી કે જે વસ્તુને તેઓ પોતાના અંગૂઠાથી અડે તે વસ્તુ અખૂટ બની જાય ! અને આમ, પોતાની લબ્ધિ વડે ગૌતમ સ્વામીએ બધા તાપસોને પેટ ભરીને ખીર ખવડાવી.


પાછા વળતા, પંદરસો ત્રણ તાપસોને કેવળજ્ઞાન થઈ ગયું. આ વાતની ગૌતમ સ્વામીને ખબર નહોતી.
ભગવાન મહાવીરના સમોવસરણમાં પહોંચીને,...
હે તાપસો, પ્રભુને વંદન કરો.
હે ગૌતમ, કેવળજ્ઞાનીઓની સાથે આવી રીતે વાત ન કરાય. એમની માફી માગો.
ગૌતમ સ્વામીએ તરત જ કેવળજ્ઞાનીઓની ક્ષમા માગી.
આ બધાને કેવળજ્ઞાન થઈ ગયું ? શું મારી અષ્ટાપદ પર્વતની યાત્રા નિષ્ફળ જશે ? મને કેવળજ્ઞાન ક્યારે થશે ?


# દિવ્ય દિવાળી




ભગવાન મહાવીરનું આયુષ્ય પૂર્ણ થવાનું હતું અને ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનનો સમય પણ પાકી ગયો હતો. ભગવાને થયું, ગૌતમનો મારા પ્રત્યેનો પ્રશસ્ત રાગ જ એમને કેવળજ્ઞાન થતા રોકી રહ્યો છે. આ પ્રશસ્ત રાગ જ્યાં સુધી તૂટશે નહીં ત્યાં સુધી કેવળજ્ઞાન થશે નહીં.

એ પ્રશસ્ત રાગ તોડવા માટે મહાવીર પ્રભુએ ગૌતમ ગણધરને આજ્ઞા આપી, 'હે ગૌતમ, અહીંથી નજીકના એક ગામમાં દેવશર્મા નામે એક બ્રાહ્મણ રહે છે. તેમને બોધ પમાડવા માટે તમે ત્યાં જાઓ. આમ કરવાથી તમારો પણ ઉદ્ધાર થશે.'

મહાવીર પ્રભુની આજ્ઞા ગૌતમ સ્વામી માટે જીવથી પણ વધારે વ્હાલી હતી. તેઓ આજ્ઞા પામવા માટે સદાય તત્પર રહેતા હતા. ગૌતમ સ્વામીએ તરત જ દેવશર્માને બોધ આપવા માટે એમના ગામ તરફ વિહાર કર્યો. દેવશર્માને બોધ પમાડીને ગૌતમ સ્વામીને તરત જ પાછા પ્રભુ પાસે પહોંચી જવું હતું. પ્રભુથી દૂર રહેવું એમના માટે બહુ જ મુશ્કેલ હતું. દેવશર્મા પાસે જઈ ગૌતમ સ્વામીએ એમને ધર્મ પમાડ્યો. પ્રભુની આજ્ઞાનું પાલન કર્યાના આનંદ અને સંતોષ સાથે ગૌતમ સ્વામી પ્રભુના ચરણોમાં પહોંચી જવા તરત જ પાછા ફરી રહ્યા હતા.






બીજી બાજુ, તે જ સમયે મધરાતની એ ક્ષણ આવી પહોંચી જ્યારે મહાવીર પ્રભુનું આયુષ્ય પૂરું થયું અને તેઓ નિર્વાણ પામી મોક્ષે ગયા. પાવાપુરીની ધરતી તે દિવસે પાવન બની ગઈ. લોકોએ દીવાઓ પ્રગટાવીને પ્રભુનું નિર્વાણ ઊજવ્યું. પ્રભુ પાસે આવી રહેલા ગૌતમ સ્વામીને આ વાતની જ્યારે જાણ થઈ ત્યારે એમનું હૈયું ચિરાઈ ગયું અને એમની વેદનાનો પાર ના રહ્યો. એમની આંખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી.

'પ્રભુએ મને એમનાથી દૂર કેમ કર્યો ? પ્રભુ મને છોડીને કેમ ચાલ્યા ગયા ? હવે મને કેવળજ્ઞાન કેવી રીતે થશે ?' એમ વિચારીને તેઓ શોકમાં ડૂબી ગયા. અચાનક એમને ભગવાનના કહેલા શબ્દ યાદ આવ્યા અને થયું કે, 'મને હજુ કેવળજ્ઞાન નથી થયું એમાં ભગવાનનો શો દોષ ? એમાં તો મારી પોતાની જ કોઈ ભૂલ હોવી જોઈએ.' ખૂબ વિચાર કરતા એમને પોતાની ભૂલનું ભાન થયું. ભૂલના પડદા તૂટ્યા અને એમને કેવળજ્ઞાન પ્રગટ થયું.

અને આમ, જે દિવસે ભગવાન મહાવીરનું નિર્વાણ થયું તે જ દિવસે ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થયું. તે પાવન દિવસને આપણે દીપ પ્રગટાવીને 'દિવાળી' તરીકે ઊજવીએ છીએ.





# ચાલો રમીએ...

નીચે આપેલી કઇ ચાવીથી દરવાજો
ખુલશે એ શોધો.



# AALOO CHILLY

ચીલીએ તો તમારી સાથે બહુ બધી વાતો કરી. હવે, હું તમને થોડી વાતો કહું. યાદ છે ને, ચીલીને પાર્સલીનું સૉંગ સાંભળીને ચક્કર આવી ગયા હતા ? મને નથી ખબર એવું કેમ થયું ? હું તો પ્રેક્ટિસ માટે ચીલીને સવારે બોલાવવા ગયો હતો. અને પાર્સલી ગાઈ રહ્યો હતો.




સાચું કહું તો મને એની કવિતા બહુ સમજાઈ નહોતી. કેમ કે પાર્સલી બહુ જ ગંદું ગાય છે. એ મોઢામાં કાગળનો ડૂચો નાખીને ગાતો હોય એવું લાગે. પણ એને ખરાબ ના લાગે એટલે મેં એની કવિતામાં થોડો ડાન્સ કર્યો.

પાર્સલીએ ગાવાનું બંધ કર્યું અને મેં ચીલી સામે જોઈને 'હાઈ' કર્યું. પણ ચીલી તો એટલો બધો લાલ હતો કે મને થયું કે કદાચ એણે આજે ચીલી શૅકમાં વધારે ચીલી નાખી દીધી હશે.

મેં એને એક મોટી સ્માઈલ આપી પણ એ તો મારી સાથે કંઈ પણ બોલ્યા વગર સીધો ઘરની બહાર નીકળી ગયો. કદાચ એ પાર્સલીનું સિંગિંગ વધારે સહન નહીં કરી શકતો હોય.

હું પણ એની પાછળ દોડ્યો. મેં એને પૂછ્યું, 'ચીલી, હું કેટલા દિવસથી રાહ જોઉં છું કે આપણે મળીને તારી સિંગિંગ પ્રેક્ટિસ કરીએ. કેટલા ટાઈમથી મેં તારા સૉંગ્સ સાંભળ્યા જ નથી !'



ખબર નહીં કેમ ચીલી કંઈ બોલ્યો જ નહીં. ઘણી વાર એ રિયાઝના વિચારોમાં ખોવાઈ જાય છે, પણ આટલો લાંબો ટાઈમ કંઈ પણ બોલ્યા વગર તો ચીલી રહ્યો જ નથી. પછી તો મેં એને પૂછી જ લીધું, 'ચીલી, તને ટેન્શન થાય છે ?'

ચીલીએ એકદમ ગુસ્સામાં મારી સામે જોયું અને બોલ્યો.




ચીલીએ મને ડરપોક કીધો ! ચીલીએ મારી સાથે ક્યારેય પણ આવી રીતે વાતો નહોતી કરી. ખબર નહીં એને શું થયું હતું. પછી એણે મને પૂછ્યું કે, 'તે પાર્સલીના સૉંગ પર ડાન્સ કેમ કર્યો ?'




પાર્સલીના સૉંગ પર ડાન્સ કરવાથી ચીલીને કેમ ખરાબ લાગ્યું ? મને તો કંઈ ખબર જ નહોતી પડતી.

શું આલુને ખબર પડશે કે પાર્સલીના સૉંગના શબ્દોથી ચીલીને દુઃખ થયું હતું ? ચીલી આટલી નાની વાતમાં આટલું કેમ ચિડાઈ ગયો હશે ? શું આલુ-ચીલી વચ્ચેનો ઝઘડો પતી જશે કે પછી...

Akram Express

October 2024
Year : 17, Issue : 02
Conti. Issue No.: 194

Date of Publication 8th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2024-2026
valid upto 31.12.2026
Licensed to Post Without
Pre-payment No. PMG/NG/040/2024-2026
valid upto 31.12.2026
Posted at Adalaj Post Office on 8th of every month

# અક્રમ એક્સપ્રેસ મેગેઝીનનું પ્રિન્ટિંગ બંધ કરવા બાબતે માહિતી

જય સચ્ચિદાનંદ મહાત્માઓ,

આજના બાળકો મેગેઝિન ઓનલાઈન વાંચી લેતા હોય છે. માટે અક્રમ એક્સપ્રેસ(ગુજરાતી, અંગ્રેજી) સભ્યોની સંખ્યા ઓછી થતી જાય છે. આ કારણસર આપણે જાન્યુઆરી ૨૦૨૫ થી અક્રમ એક્સપ્રેસ મેગેઝીન પ્રિન્ટ કરવાનું બંધ કરીએ છીએ.

સોફ્ટ કોપી Akonnect તેમજ kids.dadabhagwan.org પર નિ:શુલ્ક ઉપલબ્ધ રહેશે.

ડીસેમ્બર, ૨૦૨૪ પછી અક્રમ એક્સપ્રેસ મેગેઝિનના જે સભ્યોની મેમ્બરશિપ બાકી હશે એમને રિફંડ આપવામાં આવશે.

રિફંડ મેળવવા માટે નીચે જણાવેલ QR Code સ્કેન કરવું અને આપના મેગેઝીન અને બેંક ખાતા સંબંધી વિગતો ભરવાની રહેશે.

QR Code

આ ફોર્મ ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ભરી દેવા વિનંતી. રિફંડની રકમ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી આપના બેંક ખાતામાં જમા કરી દેવામાં આવશે.આપને આ સંબંધી કોઈ પ્રશ્ન હોય તો મેગેઝીન ટીમને

dadavani@dadabhagwan.org

અથવા મોબાઈલ +૯૧-૮૧૫૫૦૦૭૫૦૦ પર સંપર્ક કરવા વિનંતી.

- મેગેઝીન ટીમ અડાલજ

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેંગેઝિન નથી મળ્યું એ મહિનો.

DBF • અડાલજ

*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhatral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*